# જીવન ઘડતર વિષય પર ચર્ચા સભા અને વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ , વિવેકાનંદ ગ્રંથાલય વિભાગ અને એક્ષટેન્શન એક્ટીવીટી દ્વારા તા. ૨૫/04/૨૦૧૯ના દિવસે 'વિશ્વ પુસ્તક દિવસ'ની ઉજવણીના ભાગ રૂપે 'જીવન ઘડતર અને પુસ્તક' વિષય પર ચર્ચા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૩/04/૨૦૧૯ 'વિશ્વ પુસ્તક દિવસ' તરીકે ઉજવાતો હોવાથી આ નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવસિટી, વિવેકાનંદ ગ્રંથાલયમાં તેનું આયોજન સાંજે ૫ થી ૬ દરમ્યાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કા. કુલસચિવશ્રી ભાવિન ત્રિવેદી, ડૉ. મહેશપ્રસાદ ત્રિવેદી (નિયામક,એકેડેમિક), ડૉ. મનોજ શાહ (નિયામક, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ) ડૉ. નીલેશ મોદી (નિયામક, કમ્પ્યુટર સાયન્સ & પ્રોફેસર કમ્પ્યુટર સાયન્સ), ડૉ. અજીતસિંહ રાણા (નિયામક, એજ્યુકેશન), શ્રી ગોવિંદસિંહ રાજપૂત (નાણા અધિકારી), ડૉ. યોગેન્દ્ર પારેખ (પ્રોફેસર, ગુજરાતી), ડૉ. અર્ચના મિશ્રા(આસિસ્ટન્ટ પ્રોફેસર, હિન્દી), ડૉ. દીપ્તિબા ગોહિલ
( આસિસ્ટન્ટ પ્રોફેસર, પોલીટેકનીક સાયન્સ), ડૉ. સોનલ ચૌધરી(આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ),ડૉ. દિગીશ વ્યાસ (આસિસ્ટન્ટ પ્રોફેસર, પરર્ફોમિંગ આટ્ર્સ), શ્રી સંજય પટેલ (આસિસ્ટન્ટ પ્રોફેસર, સામાજિક વિજ્ઞાન), ડૉ. નિગમ પંડ્યા(આસિસ્ટન્ટ પ્રોફેસર, એજ્યુકેશન), ડૉ. જયશ્રી ગુર્જર(આસિસ્ટન્ટ પ્રોફેસર, એજ્યુકેશન), ડો. કૃતિછાયા (આસિસ્ટન્ટ પ્રોફેસર,અર્થશાસ્ત્ર), ડૉ. મીના રાજપૂત(આસિસ્ટન્ટ પ્રોફેસર, એજ્યુકેશન), ડૉ. મૌનસ ઠાકર(આસિસ્ટન્ટ પ્રોફેસર, એજ્યુકેશન) તથા એકેડેમિક તથા ટેકનીકલ સ્ટાફ હજાર રહ્યા હતા. આ ચર્ચા સભાની શરૂઆત ડૉ. પ્રિયાંકી વ્યાસના સંબોધન અને આવકારથી કરવામાં આવી. ડૉ. યોગેન્દ્ર પારેખ દ્વારા તેમના જીવનને સ્પર્શી જતા પુસ્તકો તથા તેમના અનુભવો સાથે ચર્ચાની શરૂઆત કરવામાં આવી. ડૉ. નિગમ પંડ્યા, ડૉ. દીપ્તિબા ગોહિલ, ડૉ. અર્ચના મિશ્રા, શ્રી સંજય પટેલ, દ્વારા તેમના જીવનને લગતા અનુભવો અને સારા પુસ્તકો વિષે ચર્ચા કરી હતી. હાજર રહેલ સૌ સભ્યો દ્વારા આજ વિષયને આગળના મહિનામાં પુનઃ રાખી ચર્ચા કરવી તેવું સૂચન કરવામાં આવ્યું અને તેને માન્ય રાખવામાં આવ્યું.

આ ચર્ચા સભા 'ગુરુવારીયું'નું આયોજન દર મહિનાના છેલ્લા ગુરુવારે યોજવામાં આવશે. ડૉ. ચેતના શાહ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને ગુરુવારિયુંનું સ્નેહપૂર્વક સમાપન થયું હતું.

રહ્યા હતા.









(ગુરુવારિયુંમાં ગમતા પુસ્તકની વહેતી સરવાણી)

જીવન ઘડતર અને પુસ્તક વિષય પર પુનઃ ચર્ચા સભાનું આયોજન તા. ૩૦/૦૫/૨૦૧૯ના રોજ કરવામાં આવેલ, જેમાં યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીઓ હાજર રહી ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ અને યુનિવર્સિટીના ડાયરેક્ટર (SS), ડૉ. આવાબહેન શુકલા પણ હાજર રહ્યા હતા.